# ભાજપનો ઘમંડ અલ્પેશ ઠાકોરને પણ કોંગ્રેસ તરફ લઈ જશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોર નિર્ણાયક સાબીત થઈ શકે એટલુ સંખ્યાબળ તેમની પાસે છે. પાટીદાર અનામત આંદોલનના મુદ્દે પાટીદારોને રાજી કરવા માટે ભાજપ સરકારના પ્રયત્ન પછી પણ હાર્દિક ભાજપ તરફ વળવા તૈયાર નથી. તેવા સંજોગોમાં ભાજપનો મદાર અલ્પેશ ઠાકોર પાસે હતો. છેલ્લા ચાર વર્ષથી ઠાકોર સમાજમાં આર્થિક-સામાજીક અને શૈક્ષણિક વિકાસ માટે કામ કરતા અલ્પેશનુંપ્રભુત્વ સમાજ ઉપર વધ્યુ છે તેને કોઈ પણ રાજકિય પક્ષ નકારી શકે તેમ નથી, ત્યાર બાદ અલ્પેશ દ્વારા પોતાના મંચમાં ઠાકોર સહિત આદિવાસી અને અન્ય પછાત વર્ગોને પણ સામેલ કરતા તેમની તાકાતમાં વધારો થયો હતો.

પહેલા તબક્કામાં અલ્પેશ સાથે બેઠકો કરનાર રાજયના ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા અને આઈએએસ અધિકારી કૈલાસનાથન તેવા તૌરમાં હતા કે તેઓ અલ્પેશને સમજાવી પોતાની તરફ કરી લેશે, પણ હાર્દિકની સરખામણીમાં આયોજન બદ્ધ કામ કરનાર અલ્પેશને પોતાની તાકાત અને યોજનાઓ ઉપર ભરોસો હતો, અલ્પેશ ભાજપ સાથેની મિટિંગ દરમિયાન પોતાના સમાજ માટે કેટલીક માંગણીઓ મુકી હતી, અલ્પેશનું સ્પષ્ટ માનવું હતું કે સક્રિય રાજકારણમાં આવ્યા વગર પોતાના સમાજની સ્થિતિમાં ફેરફાર થશે નહીં. અલ્પેશને સમજાવવામાં ભાજપી નેતાઓ થાપ ખાઈ ગયા, સક્રિય રાજકારણમાં અલ્પેશ દ્વારા માંગવામાં આવેલી હિસ્સેદારી આપવા ભાજપ તૈયાર થયું નહીં બીજી તરફ અલ્પેશ તરફ કોંગ્રેસ લાંબા સમયથી મીટ માંડી બેઠુ હતુ. અલ્પેશના આંદોલનની સફળતાનું મુખ્ય કારણ હતુ કે તેનું આંદોલન સરકાર વિરોધી હતુ, તેવા સંજોગોમાં અલ્પેશનું ભાજપ તરફ જવું તેના અને તેના આંદોલન માટે પણ જોખમી હતુ, જ્યારે કોંગ્રેસ વર્ષોથી સત્તાની નજીક પણ પહોંચી શકતી નથી. આવા સંજોગોમાં હાર્દિક અને અલ્પેશના સહારે તેઓ સત્તા પાસે પહોંચતા હોય તો તેમને તે દિશામાં પ્રયત્ન કરવામાં વાંધો ન્હોતો.

સુત્રોના કહેવા પ્રમાણે તાજેતરમાં અલ્પેશ ઠાકોર અને કોંગ્રેસ હાઈકમાન્ડ વચ્ચે બેઠકોનો દૌર શરૂ થયો છે. જેમાં અલ્પેશે અગાઉ ભાજપ સામે જે શરતો મુકી હતી, તે શરતો ઉપર કોંગ્રેસે વિચારણા કરી અને તેપૈકી મોટા ભાગની શરતો સ્વીકારવા કોંગ્રેસે તૈયારીઓ બતાડી છે. અલ્પેશની માગણી અનુસાર ૫૦ જેટલી બેઠકો ઉપર ખુદ અલ્પેશ મહેનત કરી ચુક્યો છે, તેવા વિસ્તારમાં અલ્પેશની ભલામણ અનુસાર ટીકીટોની ફાળવણી કરવામાં આવે, જે વાત માનવા કોંગ્રેસ તૈયાર છે.



ભારતના નવ નિયુકત મહિલા રક્ષા મંત્રી નિર્મલા સીતારામન આજે ગુજરાતની મુલાકાતે પધાર્યા હતા ત્યારે તેમણે જામનગર ખાતેના એરફોર્સના એરબેઝની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર માર્શલ ડી.એસ. રાવત તથા એર કોમોડોર સંજની ચૌહાણે તેમનું સ્વાગત કર્યુ હતું. રક્ષામંત્રીએ તેમના સંબોધનમાં જામનગર એરબેઝના મહત્વ અને ભૂમિકા અંગે વાત કરી હતી તથા આ પ્રસંગે યોજવામાં આવેલ વિવિધ એરક્રાફટસનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. રક્ષામંત્રીને વેપન્સ સીસ્ટમ તથા એર ટ્રાફિક કન્ટ્રોલ સેન્ટરની કામગીરીથી પણ અવગત કરાયા હતા તેમજ આ પ્રસંગે યોજવામાં આવેલા 'બડા-ખાના'માં તેમણે એરફોર્સના યૌધ્ધાઓ સાથે વાતચીત પણ કરી હતી.

## મોંઘવારી ઘટાડવા પેટ્રોલ-ડીઝલમાં તમામ ટેક્સ નાબૂદ કરો : ડૉ. હિમાંશુ પટેલ

ભાજપની ભ્રષ્ટાચારી રાજ્ય સરકાર છેલ્લા બે દશકામાં કોઈને રોજગારી આપી શકી નથી. ત્યારે ભાવવધારા સાથે મોંઘવારી ઘટાડવા માટે પેટ્રોલ-ડીઝલ અને સીએનજી ઉપરથી વેટ તેમજ એકસાઈઝ ડ્યુટી સંપૂર્ણપણે નાબુદ કરવા કોંગ્રેસ દ્વારા માંગણી કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, કોંગ્રેસે કશું જ કર્યુ નથી અને ભાજપ સરકારે જ વિકાસ કર્યો હોવાનો પોકળ પ્રચાર કરનાર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને છેલ્લા ૧૫ દિવસથી રાજકીય લ્હાણી હવે કેમ કરવી પડે છે તે જણાવવું જોઈએ. ભાજપ સરકારે ઈંધણનાં ભાવોમાં ઐતિહાસિક વધારો કરી સામાન્ય પ્રજાની કમર તોડી નાંખી છે. ત્યારે પેટ્રોલ-ડીઝલમાં માત્ર બે ચાર રૂપિયા ઘટાડી ચૂંટણીલક્ષી ખુશામત કરવાનાં બદલે વેટ અને એકસાઈઝ ડ્યુટી સંપૂર્ણપણે નાબુદ કરવી જોઈએ.

### માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ ફાળવે છે એમના ૧૫ એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવે છે ૧૩૫.૯૧ કરોડના ઈક્વીટી શેર્સ

માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો રૂ. ૪૬૦ કરોડનો પબ્લિક ઈસ્યુ કે જે તા. ૬ ઓક્ટોબરના રોજ ખુલી ગયો છે અને તા. ૧૦ ઓક્ટોબરે બંધ થશે તેને રોકાણકારોનો બહુ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

આ ઈસ્યુ અંતર્ગત માસ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડે પ્રતિ શેર રૂ. ૪૫૯ (પ્રતિ શેર રૂ. ૪૪૯)ના પ્રીમિયમ સાથે)ના હિસાબે આશરે કુલ રૂ. ૧૩૫.૯૧ કરોડના ૨,૯૬૧.૦૫૭ ઈક્વિટી શેર ૧૫ એન્કર ઈન્વેસ્ટર્સને ફાળવ્યા છે. આ અગ્રગણ્ય એન્કર ઈવેસ્ટર્સમાં આંતરરાષ્ટ્રીય ઈન્વેસ્ટર્સ જેવા કે નોમુરા, જેપી મોર્ગન, વાસેચ અને રાષ્ટ્રીય રોકાણકારો જેવા કે એચડીએફસીએમએફ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ એમએફ. એસબીઆઈ એમએફ, બિરલા સન લાઈફ એમએફ, ડઈએસપી બ્લેકરોક એમએફ, અને રિલાયન્સ એમએફનો સમાવેસ થાય છે.

માસ ફાઉનાન્સિયલ સર્વિસીસ લિમિટેડના ૪૬૦ કરોડના આ ઈસ્યુની પ્રાઈઝબેન્ડ રૂ. ૪૫૬થી ૪૫૯ નક્કી થયેલી અને શ્રેણી મુજબ ફાળવણી dib 50 %, hni 15 % rli 35 % રાખવામાં આવી છે. ઈસ્યુ તા. ૬ ઓક્ટોબરે ખુલી અને ૧૦ ઓક્ટોબરે બંધ થશે.

### ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

છે. રોમાં રોલાં કે બિથોવનને પિયાનો ઉપર બેઠેલાં કલ્પો. તેમાં એ એવા તન્મય હોય કે 'ન' વાત કરી શકે, 'ન' મનમાં બીજા વિચાર કરી શકે.

કળા અને કલાકાર જુદાં જ હોય. આ જો પિયાનોને વિશે સાચું હોય તો કેટલું વધારે સાચું રેંડિયા યજ્ઞને વિશે જોવું જોઈએ ? - પાછા ગાંધી મહાદેવને શિખ આપે છે આવું આચરણ આંજે ન થઈ શકે એ વાતને નોખી રાખજો. આપણું વિચારક્ષેત્ર અણિશુદ્ધ રાખીશું તો તે પ્રમાણેના શુદ્ધ આચારને કોઈ દિવસ પહોંચીશું જ.

તા.ક. મહાદેવ દેસાઈને પત્રની વધુ વિગતો આગામી સપ્તાહે કહીશું. (લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

### મૃતપાય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અન્વયે સમાવી લઈ બાકી રહેતા ૨૦ કી મી ના માર્ગને સિકસલેન બનાવાના પ્લાન સાથે એક વર્ષ અગાઉ નવી દરખાસ્ત તૈયાર કરી કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટને રજુ કરાઈ હતી. ગુજરાત સરકાર તેમજ અન્ય ભાજપના નેતાઓએ પણ આ યોજનાના અમલ માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. સાંસદ મનસુખ માંડવીયાએ પણ આ માર્ગનુ કામ હાથ ધરાય તે માટે રસ લીધો છે. સ્થાનિક અધિકારીઓ દિલ્હી ધક્કા ખાઈ થાકી ગયા છે. સરકારના પ્રયાસો હજુ સાકાર થયા નથી. એકબાજુ અગાઉ માર્ગ પર ટોલનાકુ મુકવાનો નિર્ણય પણ રજુ કરાયો હતો પરંતુ ટવિન સીટીને ધ્યાને લઈ આ વાત સાનુકુળ ન હોવાથી મામલો વધુ ગુંચવાયો હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ. બીજીતરફ કેન્દ્રના અધિકારીઓની નિરસતા પણ આ પ્રોજેકટ સાકાર નહીં થવા પાછળ જવાબદાર હોવાનુ મનાઈ રહયુ છે. આમ નાગરિકો માટે શિરદર્દ સમાન બનતા એસ જી હાઈવેને અપગ્રેડ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.ટ્રાફિકના બદલાતા ચિતાર સાથે એસ જી હાઈવેનુ ટ્રાફિક કલેવર તદન લોકલ કક્ષા સમકક્ષ બની ગયુ છે.

### ક્ષણના ચણીબોર ● ૪ પાનાનું ચાલુ...

પોતાની નબળી તબીયતની પરવા કર્યા સિવાય રાજકોટ જવા નીકળ્યા. સરદાર સાહેબે મણીબહેનને બાની સંભાળ લેવા માટે તેમની સાથે જવા કહ્યું. બા તથા મણીબહેન રાજકોટ જંકશને ઉતર્યા. ઈતિહાસનો એક વરવો વળાંક જગતે જોયો. પોતાનાજ રાજ્યના દેવ સમાન દીવાનના પુત્રવધુ તથા વિશ્વપુરુષ ગાંધીના અર્ધાંગનાનું રાજ્યે સ્વાગત કરવાને બદલે ધરપકડ કરી. મણીબશેન પણ પકડાયા. કસ્તુરબાને ત્રંબા ગામની જેલમાં બંદીવાન બનાવાયા. પછી તો મહાત્માજી પોતે પણ રાજકોટ આવ્યા. રાજકોટ સત્યાગ્રહની આ લડત સત્યાગ્રહના સોનેરી ઈતિહાસની એક મહત્વની ઘટના છે. ઈતિહાસને વળાંક આપનાર વીર ગાંધીની વિશેષ સ્મૃતિ ઓકટોબર માસમાં સમગ્ર વિશ્વને થાય છે. કાળના અનેક વાવાઝોડાના દ્રઢ મનોબળ તથા સત્યના આયુધથી સામનો કરવાનો ઈલ્મ આ મહાપુરુષના લોહીમાં વણાયેલો હતો.

### મોદી ગાંધીનગરમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરકાર અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સંયુકત ઉપક્રમે રાજકોટ ગ્રીન ફિલ્ડ એરપોર્ટનું નિર્માણ કરાશે. નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તેનું ભૂમિપૂજન કરાશે. અમદાવાદ-રાજકોટ ૨૩૧.૩૧ કિ.મી. લંબાઈના રાષ્ટ્રીય ધોરીમાર્ગનુંછ-માર્ગીકરણ કરાશે. આ કામનું પણ ભૂમિપૂજન કરાશે. રાજકોટ-મોરબી રાજ્ય ધોરીમાર્ગને ચાર માર્ગીય બનાવવાના કામનું ભૂમિપૂજન પણ કરાશે. સુરસાગર ડેરીમાં ઓટોમેટિક દૂધ પ્રોસેસીંગ અને પેકેજીંગ પ્લાન્ટનો શુભારંભ પણ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરાશે. તેઓ સુરેન્દ્રનગર શહેરના ચાર ઝોનમાં દૈનિક પાણી વિતરણ યોજનાનું લોકાર્પણ કરશે. આ સમારોહમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ભારત સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રી અશોક ગજપતિ રાજુ પુસાપતિ પણ ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ચોટીલાથી ગાંધીનગર પધારશે. ગાંધીનગર નજીક પાલજ ગામ પાસે ૩૯૭ એકર જમીનમાં સાબરમતીના કાંઠે આઈ.આઈ.ટી. સંકુલનું નિર્માણ કરાયું છે. નરેન્દ્રભાઈ મોદી આ અત્યંત આધુનિક આઈ.આઈ.ટી. સંકુલ રાષ્ટ્રને અર્પણ કરશે. ડિજિટલ ઈન્ડિયાની પહેલ સ્વરૂપે ભારતના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ૬ કરોડ નાગરિકોને ડિજિટલી સાક્ષર બનાવવા બેઝિક તાલીમ અપાઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી આઈ.આઈ.ટી. ગાંધીનગરના પગથારેથી ડિજિટલ સાક્ષરતા અભિનંદન સમારોહને પણ સંબોધન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત કેન્દ્રીય ઈલેકટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી તથા કાયદો અને ન્યાય મંત્રી રવિશંકર પ્રસાદ, કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકર, કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. સત્યપાલ સિંધ અને અલફોન્ઝ કન્નાનથનમ તથા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ગાંધીનગર, રાજભવન ખાતે રાત્રી રોકાણ કરશે.

ગુજરાતની મુલાકાતના બીજા દિવસની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી માદરે વતન-વડનગરથી કરશે. નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા પછી સૌ પ્રથમ વાર પોતાની માતૃભૂમિ-વતનમાં પગ મૂકી રહ્યા છે. આખું વડનગર પોતાના આ પનોતા પૂત્રને આવકારવા થનગની રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વડનગરમાં જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજનું લોકાર્પણ કરશે. વડનગરથી જ તેઓ હિંમતનગરની હોસ્પિટલ પણ રાષ્ટ્રને અર્પણ કરશે. તેઓ આ પ્રસંગે મિશન ઈન્દ્રધનૂષ અંતર્ગત સઘન રસીકરણ અભિયાનનો પણ શુભારંભ કરાવશે. સાથોસાથ ફિમેલ હેલ્થવર્કર્સને આઈ.એમ. ટેકો એપ્લીકેશન અને ટેબલેટ્સનું પણ વિતરણ કરાશે.

### સુરક્ષા કવચ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંદોબસ્તમાં તૈનાત રહેનાર પોલીસ દ્વારા રીહર્સલ કરવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતી કાલે ૭મી તારીખે ગાંધીનગરમાં પધારશે. પાલજ ખાતે આઈઆઈટીનું ઉદઘાટન કરશે અને રાત્રિ રોકાણ રાજભવન ખાતે કરશે. આ તમામ સ્થળે અને પીએમ રૂટ પર ચાંપતો પોલિસ બંદોબસ્ત ગોઠવવા બંદોબસ્ત સ્કીમ તૈયાર થઈ ગઈ છે. એડીશનલ ડીજીપી, એક ડીઆઈજી, ૩ એસપી, ૧૭ ડીવાયએસપી, ૩૦ પીઆઈ, ૬૦ પીએસઆઈ, ૭૦૦ પોલીસ અને એસઆરપી કંપની પી.એમ. બંદોબસ્તમાં તૈનાત રહેશે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે લોખંડી સુરક્ષા કવચ તૈયાર કરવામાં આવ્યું છે.

### બાદબાકી કરાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ નગરપાલિકાની વસ્તી ૧ લાખને પાર થઈ ગઈ હોવાથી અહિના અર્બન હેલ્થ સેન્ટરો નેશનલ અર્બન હેલ્થ મિશન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. પેથાપુર નગરપાલિકાની નજીક જ ઉનાવા પ્રા.આ. કેન્દ્ર હોવાથી પેથાપુરનું સરકારી દવાખાનાને ડિસ્પેન્સરીનો દરજ્જો આપી ઉનાવા પ્રા.આ. કેન્દ્ર હસ્તક તેની સેવાઓ મુકવામાં આવી છે.

પેથાપુર અર્બન હેલ્થમાં જે કર્મચારીઓ નિયુક્ત કરાયા હતા તેમને પણ છુટા કરી દેવાયાનું જાણવા મળેલ છે.

